GDB-2421 Seat No.________

# M. A. (Sem. III) Examination
## January - 2016
## Gujarati : Paper - CC-303
*(ભાષાવિજ્ઞાન અને ભાષાનું સ્વરૂપ)*

Time : **3** Hours] [Total Marks : **70**

**સૂચના :** દરેક પ્રશ્નના ગુણ સરખા છે.

૧ ભાષા સાદ્યંત સામાજિક અને સતત પરિવર્તનશીલ વસ્તું છે. ભાષાની આ સ્વરૂપગત લાક્ષણિકતા સમજાવી અન્ય ચેષ્ટાદિ માધ્યમો કરતાં માનવભાષાની અવગમન ક્ષમતા કઈ રીતે શ્રેષ્ઠ છે તે જણાવો. ૧૪

**અથવા**

૧ શબ્દ અને અર્થનો સંબંધ સ્પષ્ટ કરી માનવ સંસ્કૃતિના વિકાસમાં ભાષાનું યોગદાન મૂલવો.

૨ ભાષાઓ એટલે યાદચ્છિક સંકેત પદ્ધતિ દ્વારા સંદેશા વ્યવહાર કરવાની, માનવો વડે ઉપયોગમાં લેવાતી વાચ્ય-શ્રાવ્ય આદતોની વ્યવસ્થાઓ. વ્યાખ્યા સવિસ્તર સમજાવો. ૧૪

**અથવા**

૨ નોંધ લખો.

(૧) ભાષાનું સ્વરૂપનિષ્ઠ વર્ગીકરણ

(૨) ભાષાવિજ્ઞાનના અભ્યાસનું મહત્વ.

૩ ભાષા ઉચ્ચારણમાં ઉપયોગાતાં અવયવો તરીકે જીભ અને નાદતંત્રીના કાર્યનો આકૃતિ સાથે પરિચય કરાવો. ૧૪

**અથવા**

૩ ભાષાનું પારિવારિક વર્ગીકરણ એટલે શું ? તે સમજાવી ભાષા અભ્યાસની ત્રિવિધ પદ્ધતિ સવિસ્તર ચર્ચો.

૪ વાક્યરચનાની મુખ્ય શરતો સોદાહરણ જણાવી વાક્યના વિભિન્ન પ્રકારોની ચર્ચા કરો. ૧૪

**અથવા**

૪ નોંધ લખો.

(૧) રૂપઘટક અને ઉપરૂપઘટક

(૨) ધ્વનિ અને ભાષાના ધ્વનિઘટકો.

૫ નીચેનામાંથી કોઈપણ સાત પ્રશ્નોનાં ટૂંકમાં જવાબ લખો. ૧૪

(૧) અવગમન પ્રક્રિયા એટલે શું ? તે જણાવી પશુ-પંખીઓની કોઈપણ એક અવગમન પ્રક્રિયાનું દષ્ટાંત આપો.

(૨) જે.બી. કેરલે આપેલી ભાષાની વ્યાખ્યા લખો.

(૩) અલ્પપ્રાણ અને મહાપ્રાણ ધ્વનિભેદમાં ફેફસાં કેવા પ્રકારે મદદરૂપ બને છે ?

(૪) વાયુરન્ધ્રની સમજ આપી મુખપથમાં સંભવતાં મુખ્ય વાયુરન્ધ્રોના નામ આપો.

(૫) ઉચ્ચારણ અંગ અને ઉચ્ચારણ સ્થાન વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરી તેમનું એક એક ઉદાહરણ આપો.

(૬) કોઈપણ સંકેત યાદચ્છિક સંકેત ક્યારે બને છે તે જણાવો.

(૭) પડજીભનું સ્થાન અને કાર્ય જણાવો.

(૮) 'વ' અને 'ર' ધ્વનિનું સ્વરૂપ જણાવો.

(૯) વાચિક ધ્વનિ એટલે શું ? સમજાવો.

(૧૦) મનુષ્યે વાણીમય ભાષા કયા કારણે સિદ્ધ કરી છે ?

(૧૧) ગ્લોટલ સ્ટોપ ની ઉચ્ચારણ પ્રક્રિયા જણાવો.

(૧૨) ઉચ્ચારણ પ્રક્રિયામાં નાસિકામાર્ગની ભૂમિકા શી છે ? તે જણાવો.